## આંક– ૪ લગત હુકમ

(૧) અરજદારોના વકીલશ્રીને સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજદારોના વકીલશ્રીની દલીલ છે કે, આ કામે કઠલાલના જયુ. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટે અરજદારો/આરોપીઓને ક્રિ.કે.નં. ૧૦૧૪/૨૦૧૪ના કામે તા. ૧૯/૧૦/૨૦૨૩ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનામા પ્રત્યેક આરોપીને તકસીરવાન ઠરાવી ૦૨(બે) વર્ષની સખત કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા. ૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો દંડ અને જો દંડ ભરવામા કસુર કરે તો વધુ ૦૬(છ) માસની સાદી કેદની શિક્ષાનો હુકમ કરવામા આવેલ છે. અરજદારોએ દંડની રકમ ભરી દીધેલ છે. તેમજ સદર હુકમથી નારાજ થઈ અપીલ દાખલ કરેલ છે. આથી, હાલની અરજી દાખલ કરી નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ સ્ટે કરવા તેમજ અરજદારોને જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. વધુમાં જણાવે છે કે, અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. અરજદારો કુંટુંબકબીલાવાળા માણસ છે અને કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરવાની તૈયારી બતાવી જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજી વંચાણે લેતા આ કામના આરોપીઓને નામદાર ટ્રાયલ કોર્ટે ક્રિ.કે.નં. ૧૦૧૪/ ૨૦૧૪ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનામા પ્રત્યેક આરોપીને તકસીરવાન ઠરાવી ૦૨(બે) વર્ષની સખત કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા. ૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો દંડ અને જો દંડ ભરવામા કસુર કરે તો વધુ ૦૬(છ) માસની સાદી કેદની શિક્ષાનો હુકમ કરવામા આવેલ છે. અરજદારોએ દંડ જમા કરાવી દીધેલ છે. વધુમાં ટ્રાયલ દરમ્યાન અરજદારો જામીન ઉપર મુકત હોવાની હકિકત રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આથી, અપીલ ચાલતા સમય જવાની સંભાવના રહેલ છે. આથી ક્રિ.પ્રો.કો.કલમ–૩૮૯ની જોગવાઈઓને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારો/આરોપીઓની અરજી આંક-૪ લગત **મંજુર** કરવામાં આવે છે.

પ્રત્યેક અરજદારને રૂા. ૨૫,૦૦૦/-ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન ટ્રાયલ કોર્ટે જે સજાનો હુકમ કરેલ છે તેનો અમલ મોકુફ રાખી અપીલનો નિકાલ થતા સુધી જામીન પર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

## શરતો:-

(૧) એપલેન્ટો/આરોપીઓએ ફરિયાદપક્ષના કોઈ સાક્ષીને મળવુ નહી, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાકધમકી આપવી નહીં.

(૨) એપલેન્ટો/આરોપીઓએ અત્રેની કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

(૩) એપલેન્ટો/આરોપીઓએ અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ.

(૪) આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

સદર હુકમનો અમલ ટ્રાયલ કોર્ટ મારફતે કરવો.

હુકમ આજરોજ તા. ૦૩, માહે નવેમ્બર, સને-૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૩/૧૧/૨૦૨૩
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)